# કૃષિ સંશોધન કેન્દ્ર
## કૃષિ મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી
જબુગામ, તા: બોડેલી, જી. છોટા ઉદેપુર – ૩૯૧ ૧૫૫


## કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામ ખાતે મગ અને અડદના એડાપ્ટિવ ટ્રાયલનું વિતરણ

કૃષિ સંશોધન કેન્દ્ર, કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ, તાઃ બોડેલી, જી. છોટાઉદેપુર ખાતે તા. ૦૮/૦૨/૨૦૨૨ ના રોજ અડદ (જાત : શ્યામલ) તથા મગ (જાતઃ જીએએમ ૫) ની આધુનિક જાતોનો ખેડૂતોમાં પ્રચાર–પ્રસાર થાય તે હેતુસર એડાપ્ટિવ ટ્રાયલનું વિતરણ કરવામાં આવ્યું. કુલ ૧૫૫ જેટલા ખેડૂતોને અડદ શ્યામલ જાતના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું તથા ૫૫ જેટલા ખેડૂતોને મગ જીએએમ ૫ જાતનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે "ઉનાળુ કઠોળ પાકોની ખેતી પધ્ધતિ" વિષયક તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. સુનીલ આર. પટેલ, આચાર્ય અને વડાશ્રી, કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ તથા ડૉ. વિનોદ બી. મોર, મદદનીશ પ્રાધ્યાપક (એગ્રોનોમી), કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ તથા શ્રી. અર્જુન રાઠવા, મદદનીશ પ્રાધ્યાપક (વનસ્પતિરોગશાસ્ત્ર વિભાગ), કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ વગેરે વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડૉ. સુનીલ આર. પટેલ, આચાર્યશ્રી દ્વારા હાજર સૌનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું તથા નવીન અડદ જાત શ્યામલ વિષે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ડૉ. વિનોદ બી. મોર, મદદનીશ પ્રાધ્યાપક (એગ્રોનોમી) દ્વારા ખેડૂતોને ઉનાળુ કઠોળ પાકો ખાસ કરીને અડદ તથા મગ માં આધુનિક ખેતી પધ્ધતિ અને ગુણવત્તા યુક્ત ઉત્પાદન કઈ રીતે લેવું તે વિષયક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. શ્રી. અર્જુન રાઠવા, મદદનીશ પ્રાધ્યાપક (વનસ્પતિરોગશાસ્ત્ર) દ્વારા ઉનાળુ કઠોળ પાકોમાં આવતા રોગ અને જીવાતનું સંકલિત રીતે નિયંત્રણ કઈ રીતે કરવું તે વિષયક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આવેલ બધા ખેડૂતમિત્રોએ અંતે કૃષિ સંશોધન કેન્દ્ર ના ફાર્મની મુલાકાત લઇ અને કેન્દ્ર ખાતે ચાલતા અવનવા અખતરા તેમજ તાંત્રિકતાઓ વિષે જ્ઞાન મેળવ્યું હતું.












Research Station
&
Training Centre
AGRICULTURAL UNIVERSITY
Ta.: Bodeli, Dist.: Chhotaudepur





Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY

Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY

# જય જવાન   જય કિસાન

*******